# વાપી મહાનગરપાલિકા - વાપી

## તા-વાપી, જી-વલસાડ

## <u>સ્થાયી સમિતિ</u>

જા.નં. વાપી મનપા/સેક્રે./વશી/૨૩/૨૦૨૬-૨૭ તા.૧૮/૦૭/૨૦૨૬

પ્રતિ,

............................................

સભ્યશ્રી(તમામ), સ્થાયી સમિતિ

વાપી મહાનગરપાલિકા

<u>વિષય:- મહાનગરપાલિકા વાપીની સ્થાયી સમિતિની બેઠક બોલાવવા બાબત</u>

સવિનય જણાવવાનુ કે વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મિટિંગ <u>તા.૨૩/૦૭/૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે</u> સમિતિના ચેરમેનશ્રીના અધ્યક્ષપણા હેઠળ વાપી મહાનગરપાલિકા હસ્તકના પદ્મભૂષણશ્રી રજ્જુભાઈ શ્રોફ ઓડીટોરીયમની મીટીંગ હોલમાં નીચેના કામોના નિકાલ માટે મળશે. જેમાં આપે સમયસર હાજર રહેવા વિનંતી.

**અ.નં.** **કામનું નામ**

1. વાપી મહાનગરપાલિકાની તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત.
2. વાપી મહાનગરપાલિકાના જન સંપર્ક વિભાગની તા.૦૮/૦૭/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ જુન-૨૦૨૬ના થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.
3. વાપી મહાનગરપાલિકાના ઈલેક્ટ્રિક વિભાગની તા.૧૪/૦૭/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ જુન-૨૦૨૬ના થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.
4. ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ-૪૫૭(૨) અન્વયે કોર્પોરેશન અને સમિતિના સભા સંચાલનના નિયમો " મહાનગરપાલિકા અને સ્થાયી સમિતિની સભાઓની કાર્યવાહી અંગેના નિયમો-૨૦૨૬" મંજુર કરવા બાબત.
5. ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ-૪૫૭(૨) અન્વયે કોર્પોરેશનની ખાસ સમિતિના સભા સંચાલનના નિયમો " મહાનગરપાલિકાની ખાસ સમિતિની સભાઓની કાર્યવાહી અંગેના નિયમો-૨૦૨૬" મંજુર કરવા બાબત.
6. ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ-૪૫૭(૨) અન્વયે કોર્પોરેશનના સદસ્યોના માનદ વેતન અને ભથ્થાઓની મહત્તમ નણાકીય મર્યાદા નક્કી કરવા તથા તે અંગેના નિયમો મંજુર કરવા બાબત.
7. વાપી મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ જુન-૨૦૨૬ના થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.
8. વાપી મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ જુન-૨૦૨૬ના થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.
9. ૧૫ મું નાણાપંચની સને ૨૦૨૧-૨૨ (સ્પેશીયલ હપ્તો(ટાઇડ)) ની ગ્રાન્ટમાંથી બિલનું ચુકવણું કરવા બાબત.

10. વાપી મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગની તા.૧૪/૦૭/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ જુન-૨૦૨૬ના થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.

11. વાહકજન્ય રોગ નિયંત્રણ માટે મચ્છર ઉત્પત્તી ન થાય તેમજ મચ્છરજન્ય રોગો ના વધે તે માટે જરૂરી સાવચેતીના પગલાઓ લેવા અર્થે દંડની જોગવાઈ કરવા બાબત.

12. કુમારશાળા મેદાનને લાગુ આવેલ શોપિંગ સેન્ટર તથા સી.સ.નં.૨૨૬૧ વાળું LIC વાળું શોપીંગ સેન્ટરનું નામકરણ કરવા બાબત.

13. વાપી મહાનગરપાલિકાના આઈ.ટી. વિભાગની તા.૧૫/૦૭/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ જુન-૨૦૨૬ના થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.

14. વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સર્કલ ડેવલોપ કરવા અને PPP મોડલ ઉપર સર્કલ આપવા બાબતે.

15. વાપી મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગની તા. ૧૬/૦૭/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ પાણી અને ગંદા પાણીની સુવિધાઓનું સંકલિત મેપિંગ; ભૌગોલિક-સ્થાનિક (geo-spatial) વિશ્લેષણ તેમજ હાઇડ્રોલિક અને સિમ્યુલેશન તકનીકોનો ઉપયોગ કરીને વર્તમાન પ્રણાલીમાં રહેલી સમસ્યાઓની ઓળખ અને તેના નિવારણ માટેના ઉપાયો માટે ટેન્ડર મંજુર કરવા બાબત. (Integrated Mapping of vapi municipal corporation water and waste water Utilities, identification of problems in the existing system and suggesting remedial measures for the same using geo spatial analysis and hydraulic and simulation techniques)

16. વાપી મહાનગરપાલિકા ડ્રેનેજ વિભાગના ગટર સફાઈ, માલસામાન તથા મેન્ટેનન્સના કામોના બિલોનું ચૂકવણું કરવા બાબતે.

17. વાપી મહાનગરપાલિકાના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ દ્વારા કરવામાં આવેલ કામ બાબતે.

18. વાપી મહાનગરપાલિકામાં આવેલ વાસ્તવ પાર્ક કો.ઓ.હા.સો.લી.માં આર.સી.સી. રોડ બનાવવાનું કામ.

19. વાપી મહાનગરપાલિકાના પૂર્વ વિસ્તારોમાં જનભાગીદારી ગ્રાંટ હેઠળ પેવરબ્લોક લગાવવાનું કામ. (ARC)

20. વાપી મહાનગરપાલિકાના પશ્ચિમ વિસ્તારોમાં જનભાગીદારી ગ્રાંટ હેઠળ પેવરબ્લોક લગાવવાનું કામ. (ARC)

21. સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ લક્ષ્યાંક મુજબ સિટી ફોરેસ્ટેશનની કામગીરી કરવા બાબત.

22. વાપી મહાનગરપાલિકાના જાહેર બાંધકામ શાખાના બિલોનું ચૂકવણું કરવા બાબત.

23. ખાનગી હોર્ડીંગ્સના ભાડા નક્કી કરવા બાબત.

24. વાપી મહાનગરપાલિકા સંચાલિત સ્વીમીંગ પુલના સંચાલન (ઓપરેશન અને મેઈંટેનન્સ) માટે ટેન્ડરનો મુસદ્દો મંજુર કરવા, સ્વીમીંગ પુલમાં સભ્યો /તરવૈયાઓના ફીસના ધોરણ મંજુર કરવા, સ્વીમીંગ પુલનાં ટેન્ડરની અપસેટ વેલ્યુ નક્કી કરવા બાબત.

25. વાપી મહાનગરપાલિકા હસ્તકના તમામ શોપિંગ સેન્ટરો/માર્કેટની દુકાનો /સ્ટોલોમાં કબજા હક ધરાવતા દુકાનદારો દ્વારા વેચાણથી નામ ટ્રાન્સફર કરવા માટે લેવાની થતી ફીસ, દુકાનધારક પાસેથી લેવાના થતાં ડોકયુમેન્ટની વિગત તથા સીધી લીટીના વારસદારો પાસે ટ્રાન્સફર ફી ચાર્જ ન વસુલવાને મંજૂર કરવા બાબત.

26. વાપી મહાનગરપાલિકા સંચાલિત સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના સંચાલન (ઓપરેશન અને મેઈંટેનન્સ) માટે ટેન્ડરનો મુસદ્દો મંજુર કરવા, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના ટેન્ડરની અપસેટ વેલ્યુ નક્કી કરવા બાબત.

27. કુમારશાળા શોપિંગ સેન્ટરમાં દુકાન નં.૨/૧૩માં નામ દાખલ કરવા બાબત.

28. અત્રેની કચેરી હસ્તકના તમામ શોપીંગ સેન્ટરોની દુકાનના પાછલી બાકી ભાડાની રકમોનું પત્રક મંજૂર કરવા તથા દુકાનોના માસિક ભાડાની રકમને GIPL અંતર્ગત ચાલુ કરવા બાબત.

29. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ , ગાંધીનગર તરફથી વર્ષ ૨૦૨૬-૨૭ દરમ્યાન એનિમલ બર્થ કંટ્રોલ (ABC) યોજના અંતર્ગત ABC સેન્ટર તથા કેટલ પાઉન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ યોજના અંતર્ગત કેટલ પાઉન્ડ (Cattel pound) ના બાંધકામ માટે પ્રાપ્ત થયેલ ગ્રાન્ટ માંથી કામ કરવા બાબત

૩૦. વાપી મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગની તા.૧૭/૦૭/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ મેં- જુન-૨૦૨૬ના થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.

31. વાપી મહાનગરપાલિકાના રેલવે અંડરબ્રિજ લગાવેલ તથા વિવિધ અસ્કયામતો ખાતે લગાવેલ ઇલેક્ટ્રિકલ કંટ્રોલ પેનલની સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે વાર્ષિક ભાવે મરામત કરવાના કામોના ભાવો મંજૂર કરવા બાબત.

32. ચેરમેન સ્થાનેથી રજુ થતા કામો બાબત.

(સતીષભાઈ ગંગારામ પટેલ)
ચેરમેન,સ્થાયી સમિતિ
વાપી મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના:-

૧) મેયરશ્રી,વાપી મહાનગરપાલિકા તરફ જરૂરી જાણ થવા સારું

૨) ડે.મેયરશ્રી,વાપી મહાનગરપાલિકા તરફ જરૂરી જાણ થવા સારું

૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,વાપી મહાનગરપાલિકા તરફ જરૂરી જાણ થવા સારું

૪) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,વાપી મહાનગરપાલિકા તરફ જરૂરી જાણ થવા સારું